પાલજ ગામે ૨૬મીએ હોળી પ્રગટાવાશે

ગાંધીનગર, તા. ૨૧

પાલજ ગામે મહાકાળી માતાના મંદિરે તા. ૨૬મી માર્ચના રોજ સાંજે છ વાગ્યે હોળી પ્રગટાવાશે. પાલજ ગામમાં ઘણા વર્ષોથી પરંપરાગત રીતે હોળીનો પ્રસંગ ઉજવાય છે. હોળીનો મોટો મેળો ભરાય છે. શ્રધ્ધાળુઓ હોળીના અંગારા ઉપર ખુલ્લા પગે ચાલે છે. તો ભાવિકોજનોએ દર્શાનાર્થે આવવા માટે જણાવેલ છે. નીરંજનભાઈ બિહોલા, પાલજ મહાકાળી માટા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીએ જણાવેલ છે.

આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા ૨૩મીએ પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા હરિમંદિર અક્ષરધામ ખાતે 'સામાજિક કાયદાકીય સમસ્યા અને તેનું નિવારણ વિષય પર નિવૃત્ત ન્યાયમૂર્તિ ગુજરાત હાઈકોર્ટ શ્રી સી.કે. બુચ તા. ૨૩મી માર્ચ સાંજે સાડાચાર વાગે આપશે. પ્રવચન માળાની ૬૩મું પ્રવચન યોજાશે. ગાંધીનગરવાસીઓએ લાભ લેવા જણાવેલ છે.

સે. ૮નો માથાભારે શખ્સ પાંચ જિલ્લામાંથી તડીપાર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ પ્લોટ નં. ૧૩૦માં રહેતો આમીર ઈબ્રાહીમ શેખ વિરૂદ્ધ મારામારી તથા દમદાટીના સંખ્યાબંધ ગુનાઓ નોંધાયા હતા. આ માથાભારે શખ્સ વિરૂદ્ધ અપહરણનો ગુનો પણ દાખલ થયેલો છે. આમીર ઈબ્રાહિમને તડીપાર કરવા કાર્યવાહી બાદ પરવાનગી મળતા સે. ૭પોલીસે આજે તેના તડીપારના વોરન્ટની બજવણી કરી દીધી છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત અમદાવાદ શહેર, જિલ્લા તથા મહેસાણા અને સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાંથી તડીપાર કરી આણંદ શહેરમાં પોલીસ મુકી આવી છે. આમીર શેખને છ મહિના માટે પાંચ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો છે.

મફત છાશ વિતરણ કેન્દ્ર

ગાંધીનગર, તા. ૨૧

સેવા કરવાનો ભાવ હોય તો જરૂરીયાતમંદોની સેવા કોઈપણ રીતે, કોઈપણ માધ્યમ દ્વારા થઈ શકે છે. સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં સ્વ. રંજનબેન શેઠના સ્મરમાર્થે શરૂ થયેલા છાશ વિતરણ કેન્દ્રનો જરૂરીયાતમંદ લોકો લાભ લઈ રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં જુનિયર સિટિઝન્સ કાઉન્સિલને ઓફીસની પાસે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરાયું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં દર્દીઓ, દર્દીઓના સગા સંબંધીઓ અને જરૂરીયાતમંદોને રાહત મળી શકે તે માટે સ્વ. રંજનબેન ભરતકુમાર શેઠ (ઉપલેટા)ના સ્મરણાર્થે વિશાલભાઈ શેઠના હસ્તે આ છાશ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ છાશ વિતરણ કેન્દ્ર ૧૭ માર્ચથી ૨૧મી જૂન સુધી ચાલશે. હાલમાં અહીં દરરોજ ૧૨૫ લીટરથી પણ વધુ છાશનું વિતરણ કરવામાં આવે છે. દર્દીઓના સગાવહાલા મજૂર વર્ગ ઉપરાંત આસપાસના ૧૦૦૦ થી વધુ લોકો આ છાશ કેન્દ્રનો લાભ મેળવી રહ્યા છે. જુસિકાના બે સેવાભાવી યુવકો સવારે ૧૧.૩૦ થી બપોરે ૪.૩૦ સુધી અહીં છાશનું વિતરણ કરે છે.

કોબાથી તપોવન વચ્ચેનો માર્ગ બિસ્માર હાલતમાં

માર્ગ સુધારણાનું કામ કોણ હાથ ધરે તે અંગે પ્રશ્ન

ગાંધીનગર, તા. ૨૧

કોબાથી તપોવન વચ્ચેનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી બિસ્માર હાલતમાં હોવાથી નાગરિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. જ્યારે આ ઉબડ-ખાબડ માર્ગ વી.આઈ.પી.ઓની અવર-જવરથી ધમધમતો હોવા છતાં રસ્તા સુધારણાનું કામ કોણ કરે તે બાબતે પણ પ્રશ્ન મંડરાયો છે.

શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણા માટે કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરના મુખ્યમાર્ગો સહિત આંતરિક માર્ગોનું રોડનેટવર્ક ચકાચક બનાવવા પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ જિલ્લા સાથે સંકળાયેલા વિવિધ માર્ગોની સુધારણા માટે પણ તબક્કાવાર કામો હાથ ધરાય છે. આવા સંજોગોમાં કોબાથી તપોવન સાથે જોડાયેલા ૫૦૦ મીટરના નાના અમથા ભાગમાં અસ્તિત્વમાં આવેલ ખાડાઓ પુરવા લાંબા સમયના અંતે પણ કોઈ આયોજન થઈ શક્યું નથી. અગાઉ કોબાથી સાબરમતી સુધીના માર્ગનું કામ ઔડાની હદમાં હોવાથી તે ઓથોરીટીને સોંપવામાં આવ્યું હતું. જ્યારે કોબાથી તપોવન વચ્ચે સ્થિત ૫૦૦ મીટરના રસ્તા સંદર્ભે કઈ ઓથોરીટી કામ કરે તે નક્કી ન હોવાથી માર્ગનું કામ અટવાયું હોવાની સ્થિતિ સર્જાઈ છે. આ માર્ગ પર વી.આઈ.પી. મહાનુભાવોની અવર-જવર પણ થતી રહે છે. જાળવણીના અભાવે આ માર્ગ ઉપડ-ખાબડ બનતા વાહનચાલકોએ પરેશાની વેઠવી પડે છે. ત્વરિત અસરથી આ કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

CCC+ ના ખોટા સર્ટી રજુ કરનાર ૪ એસઆરપી જવાનની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૧

સરકારી નોકરીયાતો માટે જરૂરી બની ગયેલા સીસીસી પ્લસ કોર્સના ખોટા સર્ટીફિકેટ બનાવડાવીને ખાતામાં સબમીટ કરાવનાર ૪ એસઆરપી જવાનો ઝડપાઈ ગયા છે. ચારેય એસઆરપી જવાનો વિરૂદ્ધ એસઆરપી ગ્રુપ-૨ ના ડીવાયએસપીએ આજે સેક્ટર-૨૧ પોલીસમથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસનો દૌર શરૂ કર્યો છે. ખોટા સર્ટિફિકેટ કોણે બનાવી આપ્યા હતા ? અને ક્યાં બનાવવામાં આવ્યા હતા ? તે સહિતની તપાસ ગાંધીનગર એલ.સી.બી.એ આરંભી દીધી છે. પ્રામિક તપાસમાં ૨૫ એસઆરપી જવાનોએ ખોટા સર્ટિફીકેટ રજુ કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તેના આધારે એલ.સી.બી.ની ટીમે ઊંડી તપાસ શરૂ કરી છે.

રાજય અનામત પોલીસ દળ (એસઆરપી)ના જવાનોએ નોકરી માટે જરૂરી એવા સીસીસીપ્લસના સર્ટિફીકેટ પોતાના ખાતામાં જમા કરાવ્યા હતા. સીસીસી પ્લસ ક્લીયર કર્યાના સર્ટી ૩૦ જવાનોએ સબમીટ કર્યા હતા. જે સર્ટી ગવર્મેન્ટ પોલીટેકનીકના હતા. ઉપરોક્ત સર્ટીફિકેટની ખરાઈ કરવા માટે એસઆરપી ડીવાયએસપી પી.વી. રાવલે ગવર્મેન્ટ પોલીટેકનીકમાં તમામ ૩૦ સર્ટી મોકલી આપ્યા હતા. જે સર્ટી પૈકી પાંચ જ સર્ટી સાચા હોવાનું ધ્યાને આવ્યું હતું. બાકીના ૨૫ જવાનોએ ક્યાંકથી ખોટા સર્ટી બનાવડાવીને રજુ કર્યા હોવાનું ધ્યાને આવતા ડીવાયએસપી પી.વી. રાવલે સે. ૨૧ પોલીસ મથકે ચાર જવાનો વિરૂદ્ધ ફરીયાદ આપી છે. અમદાવાદના યુનુસ અબુભાઈ ખણુચીયા, ભાવેશ વિષ્ણુભાઈ રાઠવા, સે. ૨૧ છ-ટાઈપ બ્લોક નં. ૩૫/૧ માં રહેતા રામદેવસિંહ પ્રભાતસિંહ જાડેજા અને સે. ૨૯માં રહેતા શૈલેષ ગોવિંદભાઈ પટેલ મળીને ચાર એસઆરપી જવાનો વિરૂદ્ધ સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી ચારેયની ધરપકડ કરી છે. ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે આ કેસની તપાસ શરૂ કરીને સર્ટી રજુ કરનાર અન્ય ૨૧ જવાનો કોણ કોણ છે તેમની વિગતો મેળવવા તજવીજ શર કરી છે. તે ઉપરાંત આ તમામે ક્યાંથી કોની પાસેથી ખોટા સર્ટીફિકેટ બનાવડાવ્યા હતા તે સહિતની તપાસ શરૂ કરી છે. જવાનોએ ગાંધીનગર પાસે આવેલા ચિલોડા ખાતેના કોઈ સ્ટુડિયોમાંથી બનાવટી પ્રમાણપત્રો બનાવડાવ્યા હોવનું ગાંધીનગર એલ.સી.બી. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જેને આધારે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

દેશી દારૂના પીઠાઓ પર ડીવાયએસપી સ્કવોર્ડના દરોડા

ફતેપુરા અને આદીવાડામાં ચાર અડ્ડાઓ મળ્યા ચાર બુટલેગરો ફરાર : દેશી દારૂ જપ્ત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ડીએસપી ઓફીસની સામે જ સ્થિત આદીવાડા ગામ તથા ફતેપુરા ગામમાં દેશી દારૂના પીઠાઓ ચાલતા હોવાની બાતમીને આધારે ગાંધીનગર ડીવાયએસપી સ્કવોર્ડ તથા સ્થાનિક પોલીસની ટીમે ગઈકાલે મોડી સાંજે દરોડા પાડ્યા હતા. દેશી દારૂનો વેપલો કરતા ચાર અડ્ડાઓ ધમધમતા મળી આવ્યા હતા. પોલીસે ચારેય અડ્ડાઓ પર દરોડા પાડીને ગુનો દાખલ કર્યો છે. આ પ્રોહીબીશનની રેડમાં ચારેય બુટલેગરો ફરાર થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરની આસપાસમાં આવેલા મોટાભાગના તમામ ગામડાઓ અને સાબરમતી નદીના પટ ધરાવતા ગામડાઓ દેશી દારૂથી ખદબદી ગયા છે. વર્ષોથી બોરીજ, પાલજ, વાવોલ, આદિવાડા, ફતેપુરા, પુન્દ્રાસણ, ટીંટોડા, ધોળાકુવા, ઈન્દ્રોડા સહિતના તમામ ગામોમાં ઉપરાંત ભાટ, ઉવારસદમાં પણ દેશી દારૂ બનાવવાની જાણે ફેક્ટરીઓ ચાલતી હોય તેમ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે તે બાબત પણ જગજાહેર છે. ઉપરાંત તમામ ગામોમાં દેશી દારૂના અડ્ડાઓ પર સંખ્યાબંધવાર પોલીસની રેડ પડી હશે પરંતુ બીજા જ દિવસથી તે જ સ્થળે દારૂ વેચાણ શરૂ કરી દેવામાં આવેલી ગાંધીનગર ડીવાયએસપી કોમલ વ્યાસ તથા તેમની સ્કવોર્ડ દ્વારા ગઈકાલે મોડી સાંજે બાતમીને આધારે સ્થાનિક પોલીસને સાથે રાખીને દેશીદારૂના ભઠ્ઠાઓ તથા પીઠાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. ફતેપુરા ગામમાંથી બે પીઠાઓ અને આદીવાડા ગામમાંથી બે પીઠાઓ મળી આવતા ચારેય સ્થળે દરોડા પાડીને ચાર બુટલેગરો વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

અડાલજ નજીક કેનાલમાંથી બે યુવાનોના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર પાસેથી પસાર થતી નર્મદા કેનાલના બે અલગ અલગ સ્થળોએથી બે વ્યક્તિઓના તરતા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગર પાસેના સુઘડ નર્મદા કેનાલના અંબાપુર ગામ પાસેથી પસાર થતી કેનાલમાં અને ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલી જમીયતપુરા કેનાલમાં વોટર સાઈડ હોટલ પાસે મળીને બે સ્થળોએ બે વ્યક્તિઓએ આપઘાત કરીને મોતને વ્હાલુ કર્યું છે. અડાલજ પોલીસે બન્ને કિસ્સામાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેમની ઓળખવિધિ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર નજીક જમીયતપુરા નર્મદા કેનાલ વોટર સાઈડ હોટલ પાસે પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા કેનાલ સિક્યુરીટી ગાર્ડે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. કેનાલમાંથી નીકાળવામાં આવેલા આશરે ૨૫ થી ૩૦ વર્ષના યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અપાયો છે. હજુ સુધી તેની ઓળ થઈ શકી નથી. મૃતકના કપડા ફંફોસતા ખીસ્સામાંથી એક બેન્કનું એટીએમ કાર્ડ અને એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેના દ્વારા પોલીસે ઓળખ માટે તપાસ શરૂ કરતાં અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારનો યુવાન હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ તે સ્થળે તપાસ કરતાં આવી કોઈ વ્યક્તિ જ રહેતી ન હોવાનું જાણવા મળ્યું હતું. જો કે હજુ સુધી ઓળખ થઈ શકી નથી તેની તજવીજ ચાલી રહી છે.

હિમોફિલીયાગ્રસ્ત બાળકો મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે આનુવંશિક રોગ હિમોફિલીયાગ્રસ્ત ૨૦૦ જેટલા બાળકોએ તેમના માતા-પિતા સાથે મૂલાકાત લીધી હતી તથા નિરામય-તંદુરસ્ત જીવનના આશીર્વાદ-શુભેચ્છા મેળવ્યા હતા.

રાજ્ય સરકારે હિમોફિલીયાના આ રોગ સામે જનજાગૃતિ તથા સારવાર સુશ્રુષા માટે લીધેલી આરોગ્યલક્ષી કાળજી અને પગલાંઓ અંગે આ બાળકોના વાલીઓએ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

ગુજરાત હિમોફિલીયા શિક્ષણ અને માહિતી સેવા ટ્રસ્ટના ઉપક્રમે ધંધુકાના ધારાસભ્યશ્રી લાલજીભાઈ મેર અને યુવા અગ્રણી શ્રી પ્રવિણસિંહના નેતૃત્વમાં આ બાળકો તથા તેમના પરિવારજનો આજે વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવ્યા હતા તથા મુખ્યમંત્રીશ્રીની મૂલાકાત લઈ તેમની શુભેચ્છાઓ પ્રાપ્ત કરી હતી.

વન દિવસ નિમિત્તે એગ્રો ફોરેસ્ટ્રી અને અર્બન ફોરેસ્ટ્રી વિષયક એક દિવસીય કાર્યશાળા ગાંધીનગર ખાતે યોજાઈ

વન અંગેની જાગૃતિના પરિણામે આજે લોકો પોતે વૃક્ષ વન સંરક્ષક બન્યા છે : ગણપતભાઈ વસાવા

ગાંધીનગર, તા. ૨૧

રાજયમાં વન અંગેની જાગૃતિના પરિણામે આજે લોકો પોતે વૃક્ષ-વન સરંક્ષક બન્યા છે, તેઓ રક્ષકની ભૂમિકા ભજવી રહયા છે, તેમ આજે ગાંધીનગર ખાતે વિશ્વ વન દિવસની ઉજવણી નિમિત્તે વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું. આજની એક દિવસીય કાર્યશાળામાં એગ્રો ફોરેસ્ટ્રી અને અર્બન ફોરેસ્ટ્રી વિષયો પર વિસ્તૃત ચર્ચા સત્રો યોજવામાં આવ્યા હતા.

મંત્રીશ્રી વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વમાં ૧૯૭૧ થી વિશ્વ વન દિવસની ઉજવણી થઈ રહી છે. ઔદ્યોગિક ક્રાંતિ અને વસતી વધારાના કારણે વનો ઘટતા જાય છે. જેના માટે નવા વૃક્ષો ઉછેરવા જરૂરી છે રાજય સરકારની દીર્ઘ દૃષ્ટિ થકી રાજયમાં અંદાજિત ૧૯૦૦૦ ચો. કિ.મી.માં વન વિસ્તાર વૃધ્ધિ પામ્યો છે. ગુજરાત દેશમાં સૌથી વધુ ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારો ધરાવે છે. સમુદ્રની ખારાશ આગળ વધતી અટકાવવા માટે વન વિભાગે દરિયા કિનારે મેન્ગ્રુવના વૃક્ષો ઉછેર્યા છે. જેમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ૨૦૦૭માં ગુજરાતે ઈકો ટુરીઝમ પોલીસી બનાવી જેના કારણે રાજયના ૪૨ સ્થળોને ઈકો ટુરીઝમ તરીકે જાહેર કરાયા છે. સામાજિક વનીકરણ થકી આણંદ અને ખેડા જિલ્લામાં જંગલ વિસ્તાર ન હોવા છતાં આ બે જિલ્લામાં ખેત વનીકરણમાં અગ્રેસર છે. વધુમાં મંત્રીશ્રીએ નાગરિકોને આગામી હોળી ઉત્સવમાં લાકડાનો ઓછો ઉપયોગ કરી વન અને પર્યાવરણ બચાવવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

રાજય વન મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે કહયું હતું કે કુદરતે આપણને હવા, પાણી, વન અને જીવસૃષ્ટિરૂપી સાયકલ આપી છે, જે આપણને કોઈ ને કોઈ -કારે તોડી રહયા છીએ. જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવી ભયાનક સ્થિતિ ઉભી થઈ છે. આપણા જન્મ દિવસે એક વૃક્ષને પોતાનું નામ આપીને ઉછેરવું જોઈએ. સામાજીક વનીકરણ અભિયાનના સહયોગથી આપણે વધુ વૃક્ષો રોપવા - ઉછેરવા જોઈએ. તેમ પણ મંત્રીશ્રીએ કહયું હતું.

વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવશ્રી એચ.કે. દાસે વિશ્વ વન દિવસ માત્ર ૨૧ માર્ચ જ નહિ પણ વર્ષના ૩૬૫ દિવસ ઉજવવો જોઈએ. દરેક દિવસ વનચેતના દિવસ હોવો જોઈએ. આપણા તમામ ઉત્સવોમાં વૃક્ષોનું અનેરૂ મહત્વ છે. તેની પૂજા કરવામાં આવે છે. રાજય સરકાર વન મહોત્સવ થકી અલગ અલગ જિલ્લાઓમાં પુનિત વન, ભકિત વન, પાવક વન અને ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન જેવા સાંસ્કૃતિક વનોના નિર્માણ દ્વારા વનોને વધુને વધુ ન્ત્સાહિત કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એગ્રો ફોરેસ્ટ્રીને કારણે આણંદ જિલ્લો એ વૃક્ષોની સૌથી વધુ ઘનતા ધરાવતો ગુજરાતનો સૌથી હરિયાળો જિલ્લો છે. ખેત પેદાશો, દૂધ અને લાકડાનું સૌથી વધુ ઉત્પાદન આપતો ભારતનો આદર્શ જિલ્લો છે. ખેડા જિલ્લાના ખેડૂતો પણ એગ્રો ફોરસ્ટ્રી દ્વારા વધારાની આવક મેળવે છે. અર્બન ફોરેસ્ટ્રી શહેરી પર્યાવરણના બદલાવમાં મહત્વનો રોલ ભજવે છે. વિશ્વમાં પચાસ ટકાથી વધુ લોકો શહેરોમાં, ભારતમાં ૩૧.૬ ટકા તેમજ ગુજરાતમાં ૪૨.૬ ટકા લોકો શહેરોમાં વસે છે. રાજયની આઠ મહાનગરપાલિકાઓમાં ગાંધીનગર (મનપા) સૌથી વધુ ૫૩.૯ ટકા ટ્રી કવર ધરાવે છે. અર્બન ફોરેસ્ટ્રીમાં વધારો થવાને પરિણામે શહેરોમાં શુધ્ધ હવા, અવાજ -દુષણ અને તાપમાનમાં ઘટાડો જોવા મળે છે.

આ -સંગે મંત્રીશ્રીના હસ્તે વન વિભાગ રચિત, કાર્બન સિકવેશટ્રેશન બાય મેન્ગ્રુવઝ્ ઓફ ગુજરાત, ટ્રી રીસોર્સ ઈન મહેસાણા ડિસ્ટ્રીકટ અને વન વિભાગનું મુખપત્ર -કૃતિ અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

વિશ્વ વન દિવસની ઉજવણી નિમિત્તે -સંગીક ઉદબોધન અગ્રમુખ્ય વન સંરક્ષકશ્રી એસ.કે. ગોયલે તેમજ સ્વાગત -વચન અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. એચ.એસ. સિંગે કર્યું હતું. આ ઉજવણીમાં દેશના ૪૦ જેટલા તાલીમી આઈ.એફ.એસ.તેમજ ખેડૂતો વૃક્ષો-મીઓ -કૃતિ-મીઓ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહી વન બચાવો સંકલ્પમાં સહભાગી થયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧

સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૧૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઑલમ્પસ હૅસ ફૉલન (હિન્દી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫

સોના સ્પા : ૧૧.૪૫

મેરે ડૅડ કી મારુતિ : ૪.૧૫, ૮.૪૫

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

રંગરેઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

રંગરેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રેમના દુશ્મન (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રંગરેઝ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ઉજી : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૪૫

જૉલી એલએલબી : ૧૨.૪૫, ૬.૦૦, ૮.૩૦

સિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક કાર્યોમાં સફળતા મળશે. આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : જળક્ષેત્રોની વિશેષ યાત્રાઓ થશે. આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે. ખાનપાનથી સંભાળવું.

સિંહ : અપરિણતો માટે યોગ્ય પાત્ર મળશે. તમારા કાર્યોથી પ્રશંસા થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આજે માનસિક ત્રાસદીથી બચવું.કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મીન : નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ફુલબહાદુર થાપા (ઉ.વ. ૭૪) બ્લોક નં. ૫/૪, ગોરખા રાયફળ મિલેટ્રી કેમ્પ, ગાંધીનગર.
- સ્વ. નાલબા વાઘાભાઈ વાળા (ઉ.વ. ૮૦) બ્લોક નં.૫૭૫/૧, સેક્ટર-૬/બી, ગાંધીનગર.